SHTREEBODHAMROOT.

IN GUJRATI.

સ્ત્રીબોધામૃત

તી પેહેલી ન—કલ ૫૦૦

બનાવનાર.

શામજી શીવજી.

મુંબઇ.

બાપાજીના ઑમપે પ્રીંટીંગ પ્રેસમાં છાપ્યું છે.

સન ૧૮૭૪

સ્ત્રીબોધામૃત.

——0000——

વીશાળ નામક શેહેરમાં દેવદત્તનામે ભટી રહેતો હતો. તે ઘણો હોશીઆર તથા ચપળ હતો, તેની સ્ત્રી ઘણી દુષ્ટીણી હતી. તેનું નામ કુદેવી હતું. એ બહુને પોતપોતામાં એટલો તો અણબનાવ હતો કે તેનુ બેયાન થઇ શકે નહી. પણ સારાભાગ્યેગે તે અણબનાવનું પરીણામ શારૂ નીપજ્યું; તેનુ કારણ તેનો ભાઇ શુશરમા નીત્યશા દેવીને સ્ત્રીબોધામૃત વાંચી શંભળાવતો હતો તેથીકરી કુદેવીની બુદ્ધી શારી થઇ, ને પતી ઇશ્વરજ છે એમ જાણવા લાગી. એવું જોઇ વીશાળ દેશનાં લોકો સ્ત્રીબોધામૃત બરોબર વાંચવા લાગ્યા. તે સ્ત્રીબોધામૃત નીચેલખી જણાવેલોછે.

વીરાટ નગરમાં વૈરાટરાજા રાજ કરતોહતો. તેનુ રાજ ઘણુ શારૂ તથા વખાણવાજોગ હતું. તેજ નગરમાં શીવશરમા રહેતો હતો તેણે પોતાની ઉમર તપમાં ગમાવી. પછી પોતે મનમા વીચાર કર્યો ાગજે હું ઘરે તપ કરશુ, તેથી દેવ મને પ્રસન્ન થતા

નથી માટે અરણ્યમાં જઇ તપ કરૂ એવો વીચાર કરી અફાટ અરણ્યમાં તપ કરવા ગયો ત્યાં ૧૦૦૦ વરશ તપકરી નાહીધોહી ભીક્ષાને માટે જે વખતે શેહેરમાં આવતો હતો તે વખતે ઉપરથી શમરા મોંઢામા પોતાનુ ભક્ષ લઇ જાતીહતી. તે દૈવ જોગે શમગના મોઢામાંથી તે ભક્ષ બ્રાહ્મણના દેહ ઊપર પડ્યો તે બ્રાહ્મણે જોઇ કરી પોતાના ને શમરી ઊપર ફેરવ્યા. નેત્ર ફેરવતાંજ શમરીની દેહ તેના જોરથા બળીભરમ થઇ તે જોઇકરી પોતે વીચાર કર્યો જે હવે મારૂ સાગરથ મોટું થયું. હવે મારે તપ કરવાની જરૂર નથી એવું પોતે ગનમા અભીમાન આણી પોતાના દેશ ભણી ચાલવા લાગો, ત્યારે એણે રસ્તામાં એક શેહર દીઠું તેની શોભા ઘણી રળીઆમણી જોઇ કરી પોતે શહર ભણી ગયો; ત્યાં ધરમશાળામાં ઉતારોકરી પોતે બ્રાહ્મણોને ઘરે ભીક્ષાં દેહી એવો ઉચ્ચાર કરતો ભીક્ષા લેતાલેતા એક ધનંજય સાહુકારના ઘરમ ભીક્ષાના વાસ્તે ગયો. ત્યાં જઇ પોતે શવાલ ઉપની રીતથી નાખી ને ઉભોરહ્યો. વળી એના એવો નેમ હતો કે ના કહે ત્યાં શુધી જાએ નહી. તારે એ શાહુકારની સ્ત્રી નાંમે લક્ષમી ઘરમાં જે કાંઇ દાન દેવાનુ ત લેવાને માંટે ગઇ તેટલામાં તેણીનો ધણી મુસાફરીથ આવતો જોઇ તે ભીક્ષાનુ પાત્ર નીચે મુકી પતીને કેહેવા લાગી.

કાવ્ય અથવા રોલાછંદ.

પતી બહુ દીવસે આપ, પધારયા પાછા આજે; ।। તેથી
થયો આતુર, સગાંને મળવા કાજે ।।૧।। માત પીતા તમ
ણા, અધીરા તમને જોવા, ।। મીત્રો ને સૌ સગાં, ખુશી
બહુ વીયોગ ખોવા ।।૨।। જેમ જેમ પ્રીયપ્રાણ, વાત ચાલે
સંગે ।। હૃદયે રાજી બહુ થાય, થઇ રંગી તર
ગે ।।૩।। છે મુજપર મસપ્રેમ, આપણો એહું જાંણ્યું।।
દહી બહુ રીત, તમારી પ્રીત વખાંણ્યું ।।૪।। નહી
માં કંઇ ગુણ, ગરીબની હું છું બાળા ।। બહુ કરી
કાર, અન્ય નવ નીરખે વાલા ।।૫।। મને જવું નવ
દૂર તમથી મુજ પ્યારા ।। તેમજ મુજથી તમે,
નહી થાવાન્યારા ।।૬।। માટે મારા નાથ, ચરણ
શીર ધરંછું ।। શો શામથી શીક્ષ શાખે, આરતી કું
છું ।।૭।।

જ. કુ. વી. ના.

હું કહી ધણીની સેવા કરવા લાગી તે સેવા એવી
લખવામાં પણ આવે નહીં એટલે ઇશ્વરની સેવા
થાએ તેમ. પછી એનુ પતી નાહી, ધોહી, જમી,
ગાંશાઇને મળવાને વાસ્તે બહાર ગયો એટલે
ફુરસદ મળી ...ર દાન દેવાનુ હતુ તે લઇ આવી

તે આપવા લાગી ત્યારે બ્રાહ્મણે ક્રોધ યુક્ત નેત્ર કરી ક્ષમી શામે જોયું; ત્યારે લક્ષમી કહેછે.

शास्त्री मराठी चाल उपर.

शमरी हती ते भस्म थई पण हुंतो नहीं थवानी।
मारा उपर कृपा पतीनी तेथी सुखी थवानी
पती तो मारा पुर्ण इशछे एवुं जांणी जोजो
मारा कह्याथी क्रोध न आणी अंतर तमारु खोजो
शाशु कह्याथी शुंज थायछे शरवे मनमां जाणो
जांणी तुशीगे अगथा फरोछो फोकट नेत्र मताणं
शघळां करतां पतीव्रत मोटुं एमहुं मनमां जाणुं
शानी लोक ते एमज कहेछे शास्त्र ते तणी आंण

उ. स्त्र.

એવુ કહી રતન્દ રહી. એટલે બ્રાહ્મણ કહે હે બેન તને મારી કાંઈ ખબર પડી? જે શમરાઓ ખરાબ વસ્તુનુ ત્યાગ મારાદીલ ઊપર તારે હું તો વનમાં બેઠેલો હતો. માટે એશરવે તુને ફરજ પડશે કારણ તું સત્યવાદીછે જુઠું કદાપી નહીં, એવું હું ધારુછું અને હું આશા રાખુછું કે

પણ તારી પાશેથી શીખીશ એટલે ગુરૂ પણ તને
ુરૂ આજ શુધી તારા સમાન ગુરૂ મને મલ્યો હતો
ડી. માટે તું ગુરૂથા ને હુ પુછુ તેનુ ઉતર આપ ત્યારે
ામી કેહેછે હે બ્રાહ્મણ હુ પેહેલી અજ્ઞાની હતી ત્યારે પણ
ીની શેવા કરતી બીજી શેવા કંઇ જાણતી નહી. તથાપી
ન પાલતી ને પતી કેહે તેમ કરતી જ્યારે મોટી ઉમરે
પોહોચી તારે વેધરીથી પ્રમાણે શેવા કરવા જાણુંછું. તેથી
ે ભુતભવીશ્ય ને વરતમાનની શીધી ને હું જાણુછું. તેથી
વાત તને કહી દેખાડી એવાં લક્ષમીના વચન શ્રવણ
પોતે થોડીકવાર વીચારમાં પડી ને પુછેછે હે અંબ?
ાત જનુની?? એવાં વચન કેવાનો એનો એવો હેતુ
 આ બાઈ કંઇ મનુશ્ય દેહેનહી પણ કોઇક દે-
ા ખરી પછી બાઇને પગે લાગીને કેછે. પતીવ્રત
એમ તમે જે મને કહ્યુંચ તે હું અનુભવથી શાચુ
ું તેનુ કારણ એજ આજે ૧૦૦૦ વરશ તપ કરયા
ા આગમનીગમની ખબરપડી નહી. તે તમો થોડી
ીથા તથા શારીચાલ પતી શાથે ચાલ્યાથી જાણો
માટે પતીવરત મોટું એ ખરૂં હવે મારામનમાં શંકા
છે તેનુ નીવારણ કરવાને તમે શામરથ વાનછો
હો તે એકે પતીના કહ્યામાં ન ચાલે તો શું દશા
દશા થાએછે? તારે લક્ષમી કેછે હે બ્રાહ્મણ ઈશ્વરે

મનુષ્ય ને ઉત્પન્ન કર્યો તેનુ કારણ તમે જાણતા છ
તથાપી મારી મતી પરમાણે કહી દેખાડીશ તે શ્રવણ કરેજો
ઇશ્વરે મનુષ્ય ઉત્પન્ન કરી તેને પરમર્નતી શીખી છે તે એ
ઇશ્વરની આગ્નામા રહુએ વરતવું શુભ કામ કરવું પણી
આગ્નાઓને પાળવી કારણ એનુ ઇશ્વર રૂપ પતા છે.
આ કરે શેઠની આગ્ના માનવી પુત્રે પીતાની આગ્ના માનવી તથ
માતુની માનવી, ગુરૂ વડાલોને માન આપવું પુત્ર થાર
આગ્ના નમાને તો પીતાએ પુત્રને શીક્ષા દેવી તેવીશે દ્રષ્ટાંત

लालए त्पंच वर्षाणी दशवर्षाणी ताडएत प्राप्ते
तु षोडशे वर्षे पुत्रे मीत्र वदाचरेत.

એટલે પુત્રનુલાલન તેના જન્મ દીવશથી તે પાંચ
શુધી કરવું પછી દશ વરશ શીક્ષા વીશે તાંડન કરવું શોળમુ
પ્રાપ્ત થયું એટલે પુત્રવીશે મીત્ર પ્રમાણે વરતવું. સાર
જેને જેવો પરમેશ્વરે અખીકાર દીધો તેવો શીરપર અ
તેની આગ્ના પાળવી ન પાળે તો ઇશ્વર તેને શ

છે. તેવીશે દ્રષ્ટાંત કહું તે શાંભળી મનમાં વીચાર કરજો પછી પુછવાનુ હોય તે પુછજો.

અંબાવતી નગરીમાં વીબકશેન નાંમનો રાજા રાજ કરતો હતો તેનુ રાજ ઘણુંજ સારૂં તથા નાંમાંકીત હતુ. તેની સ્ત્રી ચારૂ મતી અતીસય રૂપવાન તથા સુકુમાર હતી તેનુ નાક જુવોતો શુકના જેવું તાણેલું મુખ જુવોતો શરદ પુનમનુ ચંદ્ર જેવું નેત્ર જુવોતો કમળ જેવા એનુ વરણન કરવા હું શામર્થ ધરાવતી નથી તથાપી મારીમતી પ્રમાણે કર્યું છે. હવે એક દીને વીબકશેન રાજા શીકાર કરવાને વાસતે સેન્યા સહવરતમાન અકાટ અરણ્યમાં ગયો, ત્યાં જનાવરોને મારી ઘરે પાછો ફરવાની તજવીજ કરેછે તેટલામાં એક ચમત્કાર દીઠો તે એકે પોતે ઘોડા ઉપર બેઠો બેઠો ચાકરોને કેછે કે હે ચાકરો મને તરશ લાગીછે માટે પા- ણીની તજવીજ કરો ત્યારે જેટલા ચાકરો હતા તેટલા બધે પાણી ની શોધ સારૂ ઘોડાદોડાવતા દીશાઉ શોધવા લાગા તેટલામાં રાજા એકલો હતો તે ઘોડા ઉપરથી ઉતરી ઝાડ- નીચે બેશવા જાયછે; એટલામાં શબ્દ થયો જે હે રાજન બેશજે પછી મારાં વચન શાંભળી તેનુ ઉતર આપી બે- શજે ત્યારે રાજા મનમાં ચકીત થયો ને ચોમેર દીશાએ જોવા લાગો તો કોઈ પુરૂષ અથવા સ્ત્રી છે નહી અને આ

શબ્દ કાથી ઊપન્ન થયો પોતે મનમાં આશ્ચર્ય કરતો કે વલી બેશવા જાયછે તેટલામાં વલી શબ્દ એમજ નીકળ્યો તે સાંભલીને કેહેછે. હે વૃક્ષો તમ વીના બીજુ કંઇ હું જોતોનથી માટે શબ્દનુ ઊચ્ચાર કોણ કરેછે તે મુને કહો તારે વૃક્ષ કેછે હે રાજા તને પુછવાવાલો હું વૃક્ષ છુ મારૂં નામ કલ્પવૃક્ષ છે મને મારા મનમાં શંકા ઊપન્ન થયાથી તુને પુછુછું તેનું ઊતર આપીશ તો તને વરદાન આપીશ એમ કહી ઊતર પુછેછે તેએછે.

પ્રશ્ન ૧ લો પોતાનુ આત્માનાશ પામતો હોએ તો શું કરવું?

પ્રશ્ન ૨ જો—કોઇની આતી કરમ કરીએ તો શું થાય?

પ્રશ્ન ૩ જો—કઇ વસ્તુઓ અગ્નીના દેહનેબાલેછે?

પ્રશ્ન ૪ થો—જેને પાપ પીન કેછે તે કીઆકીઆ?

પ્રશ્ન ૫ મો— પાંચમાતાતુલ્ય ગણાયછે તે કઇ કઇ?

પ્રશ્ન ૬ ઠો—કેટલા જણા આંધળા કેહેવાયછે?

એટલા પ્રશ્ન કહી કલ્પવૃક્ષ ચુપ થઇ રહ્યું તારે રાજા ઊતર દેછે?

उत्तर १ लो—त्यजेदेकंकुलस्यार्थे, ग्रामस्यार्थे कुलं-
त्यजेत ॥ ग्रामंजन पदस्यार्थे, आत्मार्थे पृथ्वीमजेत॥१॥

अर्थ.

એકમાણસને રાખતાં જો કુળનો નાશ થતો હોય તે
તે માણસનો ત્યાગકરી કુળનુ રક્ષણ કરવું એક કુળનુ રક્ષણ
કીધાથી ગામનો નાશ થતો હોય તો તે કુળને ગામથી
બાહાર કહાડવું અને ગામનુ રક્ષણ કરવું. એક ગામથી
આખો દેશ ઉજડ થતો હોય તો તે ગામને દેશથી છુટું
પાડવું. પોતાના આત્માનો નાશ થતો હોય તો પૃથ્વીને
પણ તજવી અને આત્માનુ રક્ષણ કરવું.

उत्तर २ जो—अती रूपेणवै सिता अति गर्वेण
रावण: अति दानं बलिर्दत्वा अति सर्वत्र वर्जयेत ॥२॥

अर्थ

સીતા અતી સ્વરૂપવાન હતી તેથી રાવણે હરણ કરી.
વણને પણ અતી ગર્વ થયો તેથી રામચંદ્રે રાવણને માર્યો.
ળીએ ગુરૂવચન ઉલ્લંઘન કરી લોકોત્તર દાન કર્યું તેથાર
તેસ્થાન ભ્રષ્ટ થયો. એટલા માટે કંઇપણ અતી સારૂં
હીં.

उत्तर ३ नो——कुग्रामवासः कुलहिनसेवा कुभों। क्रोधमुखोच्चभार्या ॥ पुत्रश्चमूर्खो विधवाचकन्या विनाग्नीना घट प्रदहंती कायम ॥३॥

अर्थ.

ખરાબ ગામમાં રહેવું, કુળહીનની સેવા કરવી; કદન્ન ભક્ષણ કરવું, શર્વ કાળ મુખમાં ક્રોધ એવી જે પોતાની સ્ત્રી પુત્ર મુર્ખ, તથા ધણી વગરની પોતાની દીકરી, એટલી વસ્તુઓ આગ્ની વગર દેહને બાળે છે.

उत्तर ४ थो——जनीताचोपनिताचयस्तु विद्यां प्रयच्छावि ॥ अन्नदाता भयत्राता पंचैते पीतरःस्मृतः ॥४॥

अर्थ.

પોતાનો બાપ તથા જનોઇ દેતસ તથા વીદ્યા ભણાવતસ, અન્નદેતસ, ભએથી બચાવનાર એટલા જણાઓ બાપની તોલના છે અથવા પીત્ર કેહેવાય છે.

उत्तर ५ मो——राजपत्नी गुरोःपत्नी मित्रपत्नी तथैवच ॥ पत्नीमाता स्वमाताच पंचैता मातरःस्मृताः ॥५॥

अर्थ

રાજાનીસ્ત્રી તથા ગુરૂની, તથા મીત્રની, તથા સાસુ, તથા પોતાની માતા એ પાંચ માતા તોલની ગણાય છે.

उत्तर ६ टो——नपश्यतीच जन्मांधः कामांधो नैवपपश्यती ॥ नपश्यती मदोन्मत्तो अर्थी दोषोनपश्यती॥३॥

अर्थ

જન્મથી જે આંધળો હોય તે કંઈજ દેખે નહીં તથા મદનના વેગથી વ્યાપ્ત થયો તે પણ દેખે નહી; તથા દારૂના કેફથી પણ દેખે નહીં તથા અરથી એટલે ભીખારી માગવાના શ્રમથી બીજાના દોષને જોતો નથી. માટે એટલા જણો અકલ હીન કેહેવાયછે. અથવા આંધળા તોળ ગણાયછે. રાજા એપ્રમાને ઉત્તર દેઇ ઘોડા ઊપરથી ઊતરી ઝાડની છાયા નીચે બેઠો. કલ્પ ઋષે રાજાને આશીરવાદ દીધો રાજાને અતીશય ત્રશા લાગી હતી તેથા રાજા બેશુદ્ધ થઇ પડયો. તેટલામાં પ્રધાન પાણી લાવ્યો ને પાણી રાજાને પાયુ. રાજાની દેહ પુર્વસ્થાની ઉપર આવી ત્યારે રાજાએ પ્રધાનને કહ્યું કે, આ ઠેકાણે શેહેર વસાવી તેમાં દેહેરૂં બંધાવ. દેહેરામાં કલ્પેશ્વરની સ્થાપના કરજે. એમ

કહી ઘોડાઉપર બેશી પોતાના શેહેરમાં આવી પોહતો. સહુ માણશો પણ શેહેરમાં આવી પોહોંચ્યા થોડાક દહાડા વીત્યા પછી પ્રધાને સર્વ શામાન તયાર કરી શેહેર વસાવા સારૂ ગયો. રાજાના કેહેવા મુજબ તેણે દેહેરૂં બંધાવ્યું. પછી વસ્તી માટે મેહેનત લીધી. શેહેરનુ નામ કલ્પખંડ પાડ્યું થોડા દહાડા પછી શેહેરમાં વસ્તી સારી થઇ. એ શેહેરમાં એક શાહુકાર રેહેતો હતો તેના પાશે પઇસો ઘણો હતો. તેને છોકરી બે હતી. તેની સ્ત્રી ઘણી દુષ્ટીણી હતી. શાહુકારસ્ત્રીથી અતી કંટાળો પામી સ્ત્રીને ઘરથી કહાડી મુકી સ્ત્રીની સંગત એક વાજંત્રી શાથે હતી. પછી તેણી એ વાજંત્રીને શાથે લઇ બીજા શેહેરમાં જઇવશી. પોતા પાસે દાગીનો તાં પઇશો હતો તે શર્વે ખાઇ લીધો હતો. પછી મજુરી કરી પોતાનુ પેટ ભરવા લાગી, એવી રીતે કરતે કરતે ઘરડી થઇ, એક દહાડે વાજંત્રીને કેહેછે કે હે ધણી મારે શારૂ કેળાના ઝાડના પાંદડાં લઇ આવો કારણ હમણા ચાતુરમાશ આવેલો છે માટે મે એવો નીમ મલાવેલો છે જે કેળના પાંદડમાં ખાવું એવું વાજંત્રી એ શાંભળી હાથમાં છરીલઇ બાગમા ગયો. ત્યાં જઇ કેળના પાં-દડાં કાપી ઘરે આવવા લાગ્યો. એટલામાં સરપે એને દંશ કરેયો તેથી તે ત્યાંજ મરણ પામ્યો શાહુકારની સ્ત્રીએ ઘણીવાર વાટ જોઇ પણ આવ્યો નહીં. પછી પોતે શોધવા સારૂ આવી શોધતે શોધતે એજ ઠેકાણે આવી જ્યાં વાજંત્રી

મરેલો હતો ત્યાં તેને મરેલો જોઇને રડવા લાગી. ને કહે છે કે મારા પરણેલા પતીને મૂકી આરંક પછવાડે આવી માટે મારા શા હવાલ થશે? પોતે ત્યાંથી ઉઠીને ઘરે આવી પછવાડે વાજત્રીના દેહ કુતગ કાગડાઓએ ખાદી શાહુકારની સ્ત્રી એ વીચાર કરયો જે મારી પાશે પઇશો તો દેશ નહી હતો તે શરવ વીષય ભોગમાં વાપરયો હવે હું રાતના ભાગી જાઉ તો ઠીક નહી તો ઘરધણી ભાડુ માગવા શવારના આવશે તેને ભાડું કયાથી આપીશ એવું વીચારી રાતના ભાગી તે કેથેથી ખોટી રહ્યા વગર એક શરખી ચાલવા મંડી. કારણ પેટમાં ભાડાવાળાની બીક હતી. શાંજ શુધી તો ચાલી પણ પછી ચાલવાનો સામરથ રહીનહી એકતો વરસાદના દહાડા હતા તેથી પરસાદ જહુ વરશતો હતો કપડા સૌરવે ભીંજાઇ ગયાં પવન ઘણો જોરમાં લાગતો હતો તેથી પોતાને થંડ પડતી હતી વીજલી ચમકતી હતી વનમાંથી ભયંકર શબ્દ કાને પડતા હતા તેને શાંભળી મનમાં ધાસ્તી ખાધી. હવે હું કેમકરીશ? એમકહી વાંસનુ વન હતું ત્યાં ગઇ. એટલામાં વરશાદે ઉઘાડદીધો પવનનો જોર તો એવોજ રહયો. પોતે વાશના વનપાસેબેઠી છે એટલામાં વાંશનુ વન શલગ્યું તેને જોઇ અતી દુખ પામવાં લાગી કારણ પોતે વાંશના વન આગળ હતી, આગતો વધતી ગઇ જયારે આગછેક તેણી પાશે આવી ત્યારે ધશરી ધશરી ભાગવા લાગી કારણ એના પગ ચાલવાના શખ્તથી

મુકી ગયાહતાં. આગમા જોગીના શરીરના થોડા ભાગને ઇજા પોહોચી તેથી બેશુદ્ધ થઇ પડી. પાછે દીવસે શાવધ થઇ. જોગ જોગ કરી જંબુ શેહેરમાં આવી પોહોચી જંબુ શેહેરના લોકો ધણા સારા હતા વિદ્યાહુનરમાં પણ કુશળ હતા રાગીલોકો ને આશરો આપતા. તે શેહેરના રાજાનુ નામ કૃષ્ણ દેવ હતું. રાજાને સ્ત્રીઓ બે હતી રાજાનીપ્રીત બેઉઉપર સરખી હતી કોઇએક દહાડે રાજાની સ્ત્રીઓ રથમાં બેશી શેહેરથી બાહાર દેવની પુજા કરવા ગઇ. પુજાકરી દેહેરા થી બહાર નીકળી ચોતરફ જુવેછે એટલામાં એક જણીની નજર શાહુકારની સ્ત્રી ઉપર પડી. ત્યારે બીજી જણીને કેહેછે પેલીસ્ત્રીતો જુવો પોતાના ધણીને મુકી રંક પછવાડે હેરાન થઇ.તેથી એના હાલ થયા છે હવે એનો ઉપાએ આપણે કરીશું. (કૃષ્ણ દેવ રાજાની સ્ત્રીઓ પતી શેવા-માં કુશળ હતી તેથી શાહુકાર સ્ત્રીની ખબર પડી) પોતાના ચાકરો ભેગા હતા તેને કહ્યું કે પેલી બાઇ બેઠી છે તેને તેડી લઇ આવો. હુકમ થતાંજ શાહુકારનીસ્ત્રીને લઇ આવ્યા. ત્યારે એક જણી કેહેછે કે હે શાહુકારસ્ત્રી તારા નશીબ ધરે હોય તો બધાને મુકી તારા પતીના શેહેરમાં જા તને ચાલવાની શામરથ ન આવતી હોય તો અમે પાલખી દઇએ તેમાં બેશી જા ને કદાપજ તારો ધણી તુને ઘરમાં ન રાખે તો તેનો ઊપાય કહું તે શાંભળ. કૃષ્ણદેવ રાજાના હાથનો કાગળ હું તને લખાવી આપું તે તું

આપજે એટલે રાખશે. તે કાગળની અંદર વીગત એ લખાવીશકે આ બાઈ અમારેત્યાંજ હતી એ બાઇને તમને મળવાની ખાએશ બતાવાથી મોકલાવી દીધી છે બાઇની મરજી પડેતા તમારે ત્યાં ખમે નહી કા પાછી આવે તેમાં કંઇ પણ હરકત કરશો તો તમારૂં ઘર અમો લુટીશું. એવું લખાવીશ એટલે તુને ઘરમાં ખમાડશે. શાહુકારસ્ત્રીને મનમાં એમ થયુ જે હુ ઘરે કયારે જઉશ કારણ ઘણાક દુઃખ દીઠાં. શાહુકારસ્ત્રીનામનનો હેતુ રાજાના સ્ત્રીએ જાણી પોતાના ઘરે લઇ ગઈ. તયાં જઇ વઇદોને બોલાવી ઓશડ કરી શાહુકારસ્ત્રીની દેહ જેવી હતી તેવી કરી. શરવ અવયવ શારાથયાં તયારે શાહુકારસ્ત્રી કેછે હે બેન મુને રાજાના હાથની ચીઠી લખાવી આપો જેથી મુને મારો પતી ઘરમા રાખે. એમ કહી પગે લાગી રાજાનીસ્ત્રીએ કહ્યું કે હે બેન તારો જન્મ આજથી નવો થયો એમજાણ કારણ એટલા દહાડા તું દુષ્ટ હતી. હવે હું તને આશીરવાદ દહું છુ તે એકે તારો પતી તને ઘરમાં રાખશે. મારા કેહેવાથી તું પતીવરતા ધરમ ને પાળીશ તુને મહાશીદી પ્રાપ્તથશે. શર્વ શારૂ પતી શેવાથી થાશે. મોરાં વચન તો કાલાં છે પણ મનદઈ પતી શેવા કરજે, તો બધા અપરાધ બળી ભસ્મ થશે. જેમ નારાયણના નામથી અઘોર પાતક બળે છે તેમ, તે ઉપર દ્રષ્ટાંત કહુ તે શાંભળ.

એક શેહેરમાં અજામેલ નામે બ્રાહ્મણ રેહેતો હતો તે
ઘણો જુગારી તથા છીનાળો હતો. તેમજ ચોરી કરતો
મધુમાંસ ખાતો તેણે એક વેશ્યા રાખી હતી. વેશ્યાને પુત્ર
ઘણા ઉતપન થયાં. શઉથી છેલો છોકરો જનમ્યો તેનું
નામ નારાયણ રાખ્યું રાખવાનુ કારણ એ હતું કે, પોતે
મરવાની નજદીક આવી પોંતો છે એટલામાં નારદજી એ
ને ઘરે પધાર્યા નારદે અજા મેલને કહ્યુ કે હે અજામેલ
હવે તારો મૃત્યુ નજદીક આવી પોહોતો છે માટે ઇશ્વ-
રનુ નામ લે ત્યારે અજામેલ કેહેછે કે નારદ ઇશ્વર કોણ છે
તે હું જાણતો નથી ત્યારે નારદે જોયું કે આતો
મુંડછે. એને ગ્નાન દેવાનુ અધીકાર નથી
બીજો રસ્તો દેખાડુ જેથી એના કલ્યાણ થ
નારદ કેહેછે અજામેલ તારા શઉ છોકરાના નામ તો
પણ હવે આ નાના છોકરાનુ નાંમ હું રાખા
જામેલે કહ્યુકે સારૂ તમે રાખજો નારદે
એવું નામરાખી ચાલતો થયો. કેટલાએક દહાડે
અતી બેશુદ્ધ થઇને પોકાર મારયો નારાયણ તું
નારાયણ આવતાંજ અજામેલના પ્રાણ નીકલ
અજામેલના પ્રાણ નીકળતાંજ વીશ્નુના દુતો પણ
અને ધરમ રાજાના દુતો પણ આવ્યાં; બેહુ વચે
ઘણો થયો અતે જમનાદુતો વીશ્નુના દુતોથી હારી
રીસાં ગયા ત્યા ધરમ રાજાને શર્વ હકીકત કહી

જાણી, ધરમ રાજા એ કહ્યું કે એણે નામ કોણનું લીધું? દુતોએ જવાબ દીધો કે નારાયણનું. જમ રાજા એ કહ્યું કે દુતો જ્યાં નારાયણનું નામ હોય ત્યાં જશો નહીં. પછી વિષ્ણુના દુતો અ-જામેલને વૈકુંઠમાં લઇ ગયા. માટે શાહુકાર સ્ત્રી તું પતીની સેવા કર જેથી તારૂં કલ્યાણ થાય. એવીરીતે રાજાની સ્ત્રી એ શાહુકારની સ્ત્રી ને કહ્યું, પછી પોતે કૃષ્ણદેવ રાજા પાસે જઇ હકીકત જાહેર કરી દેખાડી રાજાએ કાગળ લખી દીધો, તે કાગળ લઇ આવી ને શાહુકારસ્ત્રીને દીધો. શાહુકારસ્ત્રી કાગળ લઇ પાલખીમાં બેસી કલ્યાણમાં આવી પોહોંચી, પછી પોતાના ધણીને પગે લાગી કાગળ દીધો. શાહુકારે તે કાગળ વાંચી તરત ઘરમાં રાખી પાછી. પોતાના રાજને જમવા આપી. શાહુકારની સ્ત્રી પતીવ્રતા ધર્મ પાળવા લાગી પોતાનો ધણી બહાર જાય ત્યારથી એક પગે ઉભી રહે બીજા પુરૂષ સાથે બોલે પણ નહીં; ધણી જમે નહીં ત્યાંસુધી જમે નહીં પ્રાતઃસકાળમાં નાહી ધોઇ પુજાપાઠ શણગાર શીઘ્ર કરી ધણીની પુજા કરે.

ત્યાર પછી ઇશ્વરની પુજા કરે તથા તુલસીની પુજા કરે તથા ગાયની પુજા કરે. રાતના પોતે ધણીના પગ દાબવા બેસે, જ્યાંસુધી એણીનો ધણી ના કહે ત્યાંસુધી દાબે; કોઇક દહાડે શાહુકારને નીદ્રા આવી જાય તોપણ ઉઠે નહીં કારણ એણી-એ નીયમ કીધો હતો જે ધણીના કહે ત્યારે ઉઠવું, થોડા

દહાડા વીત્યા પછી સાહુકારસ્ત્રી પોતાના મનમાં અતી ઉદાસ થઇ બેઠીછે, એટલામા શાહુકાર બાહેરથી આવતો હતો, તેણે તેણીને જોઈ પુછેછે હે મહારી વહાલી સ્ત્રી આજે તારૂં મન ઉદાસ શામાટે દેખાએછે? ત્યારે સ્ત્રીએ જવાબ દીધો કે આપણુને ઘરે પૈશાતો ઘણોછે પણ પુત્ર નથી, તેથી મારૂં મન અત્યંત પીડા પામેછે. પણ પુત્ર વગર શર્વે શુન્યછે જેમ દીવા વગરનુ ઘર, માટે મને પુત્ર થાય એવો ઉપાય કહો અથવા વૃત કહો તો તે હું કરૂં. ત્યારે શાહુકારે કહ્યું કે તને વૃત કહું તે તું કર તેથી તને પુત્ર થાશે. માગશર શુદ ૧ ને દીવશે પ્રાતઃસકાલમા નાહી ધોહી ધોળું કપડું પેહેરવું પછી લક્ષ્મી નારાયણનું પુજન કરવું ભગવાનની સ્તુતી કરવી, દુધ પાકની બાર આહુતી અગ્નીમા હોમવી, પતીની પુજા દેવની પેઠે કરવી જોડું ભોજન કરાવવું એવી રીતે પુજા કારતક વીદ.) શુધી કરવી. એ વૃત એક વરશ શુધી પાળવું વૃતનો ભંગ કરવો નહીં હીંસા કરવી નહીં નખ કેશ ઉતારવાંનહી, અશુદ્ધ પદાર્થ ખાવો નહી જળમાં પેશી નાહવું નહીં રજસ્વળાને તથા ચાંડાલને અડકવું નહી બીજાનુ વસ્ત્ર લેવું નહીં બે બાવડે પાણી પીવું નહીં શંધ્યા કાળમાં શુવું નહીં શવારના નાહી કરી દેવ બ્રાહ્મણ તથા ગાયનુ પુજન કરવું સ્ત્રીઓને હળદકંકુ આપવું. એ વૃતનો વીસ્તાર મે તને જાઝો કહ્યો નહી. પણ તને વૃત પાળવું હોય તો ભાગવતમાં વીસ્તાર છે તે તું જોને તે પ્રમાણેકર તો તને પુત્ર થશે. પછી શાહુકારસ્ત્રી એ અતી

આનંદથી વ્રત પાળ્યું, તેથી એક પુત્ર થયો તેનુ નામ ઇશ્વર દાસ પાડ્યુ. શાહુકારે બ્રાહ્મણોને ઘણું દાન દીધું પોતાના માણુશોને પેહેરામણી ઓ દીધી. શહુ આનંદથી વરતવાલાગા. કેટલા એક દીવશ પછી શાહુકારસ્ત્રી પોતાની સાહેલી ઓને શાથે લઇ પોતાના બાગમા ગઇ ત્યાં જઈ આખો દાહાડે રમતમા ગમાવ્યો શાંજ થઇ એટલે શાહુકારસ્ત્રી ઘેર જવા નીકળી, ઘેરતરફ આવતી વખત માળીના પાસેથી ચાલવા લાગી કારણ માળી સાથે કઇ કામ હતુ. જ્યારે માળીના ઘર પાશે આવી ત્યારે જુવેછે તો કોઇ માણસ મળે નહી. માળીના ઘરનુ બાર અંદરથી દીધેલોછે એવું જોઇ માળીને હાંક મારી બાર ઉઘડાવ્યાંબાર ઉઘડતાંજ પોતે માળીના ઘરના પેઠી. ઘરમા જુવેછે તો પ્રધાન પુત્રી માળીના ખાટલા ઉપર સુતેલીછે તેને તેણી એં જગાડી. શાહુકારસ્ત્રી એં પ્રધાન પુત્રીને કહ્યું કે તારા દીવશ કેમ ફરયા.છે? પોતાના ધણીને મુકી આ નીચ પુરૂષ શાથે રમણ કરવાનુ તારો કામશું ને શાવાશતે આ બાગમા આવીછો, તે મુને કેહે નહીંતો તુને મારીશ ત્યારે પ્રધાન પુત્રી કેહેવા લાગી કે મારો ધણી મારીશાથે બોલતો પણ નથી રાત્રપડે ત્યારે રાંડોમાં ફરવા જાએ તથા મુને વગર ગુન્હે મારે તેવાશતે મારે આ કામ કરવું પડ્યું. શાહુકારસ્ત્રી એં માળીને બાગમાથા કાડી મુક્યો, પછી પ્રધાન પુત્રીને કહ્યું જે આજ પછી એવુંકામ કરીશ નહી. પોતાના ધણી ને ઇશ્વર રૂપ માની તેની શેવા કરજે, તે કહે તેમકરજે જેમ શીક

ચરી એ કીધુ તેમ. ત્યારે પ્રધાન પુત્રી કેહેછે જે વશ્ય કેમ કીધો તથા એણીના ધણીના શું ખરાબ ગુણ હતા તે મુને કહો. શાહુકારઓ કેહેછે કે એક શેહેરમા પ્રેમચંદ વાણીયો રેહેતો હતો. તેઅણો નઠારો હતો જુગારમતો તથા રાંડોમા જતો તથા ચોરવું પણ કરતો. પરેમચંદનો બાપ એની જ- ફીકરમા મરણ પામ્યો માહતી તેને પરેમચંદે મારીનાખી પછી પોતે એકલો ફરતો જેમ મ મા આવે તેમ કરતો. એકદ દહાડો પરેમચંદે શાહુકારનુ ઘર ફાડ્યું. શાહુકારે રાજાને ખબર આપી કે આજ રાતેમારે ત્યાં ચોરી થઇછે રાજા એ કોટ વાલને કહયું કે ચોરીનો તપાશ કરો. કોટવાલે શહેરમાં શાદ ફેરવ્યો કે જેણે ચોરી કરીહોય તેણે મારે ત્યા હાજર થવું. હાજર થઇ પોતાનો ગુન્હા કબુલ કરશે તેને સજા આપવા- મા આવશે નહી, નહીતો ફાંસી દેઇશું પરેમચદે તે ઢંઢેરો શાંભળી રાત્રનાં વહાણમા બેઠો, વહાણવાળાને કહયુ કે મુને તુ બીજાશેહેરમા ઉતાર તો તુને રૂ ૧૦૦૦ દેઇશ વહાણવા- લાઓએ કબુલ કીધુપછીતે વહાણ હકારયું ચાન્હાડાતો વહાણ ને પવન શારો હતો તેથી તે વહાણ ઘણુદુરગયું. પછી દ- રીઆવમાં તુફાન પડ્યું તેથી તે વહાણ ડુબ્યુ. શઉવહાણ વટીઓને રૂ ૧૦૦૦ શારૂ પોતાની ખાતરી જાન દરીઆવને તાબે કરવી પડી. પ્રેમચંદને હાથ એક લાકડાનો કટકો પડ્યો તેથી તે એક શેહરના કીનારે આવી પોહોતો. પ્રેમ- ચંદ શેહરમાં આવી એક મોહોટા શાહુકારને ત્યા ગયો

કારણ તે શાહુકાર પોતાનો નાત ભાઈ હતો. પ્રેમચંદે શાહુ-
કારને કહ્યું કે હું વાણીઓ છું મારૂં નામ પ્રેમચંદ છે
મારા બાપે વેપાર શારૂં મોતી તથા શોનાનો વહાણ ભરી
મને વેચવા માટે મોકલાવ્યો દરીઆવમાં તુફાન પડ્યું તેથી
તે વહાણ ડુબ્યું શહુ દરીઆ વચ્ચી લોકો પણ મરણ પામ્યાં
મારા હાતમાં લાકડાનો કટકો આવ્યો તેના આધારે હું આ
શેહેરમાં આવી પોહોતો મારી પાશે કંઈ પણ રહ્યું નથી
તેથી મને તમો આશરો આપો તો ઠીક. શાહુકાર ઘણો દ-
યાળુ હતો તેથી પ્રેમચંદને પોતાના ઘરમાં રાખ્યો (જે વ-
ખતે પ્રેમચંદ શાહુકાર પાશેં આવ્યો તે વખતે પ્રેમચંદની
હાલત દયા ઉપજાવનારી હતી) શાહુકારને પેટે પુત્ર
હતો નહી તેથી પરેમચંદને પુત્ર કરી રાખ્યો પોતાની
દીકરી હતી તે દીકરીનું નામ શાહુકારે અતી આનંદથી
શીહેઅરી પાડ્યું હતું તેના લગ્ન પરેમચંદ શાથે કરયાં.
કેટલા એક દાહડા પરેમચંદ એ શાહુકારને ત્યાં રહ્યો પછી
શાહુ કારને કહ્યું કે મારા બાપની વૃદ્ધ અવસ્થા થએલી છે
તેથી મારા બાપને હું મળી આવું નહી તો તે મારા વીયો-
ગથી મરણ પામશે માટે મુને રજા આપો. હું મારા બાપને
મળી પાછો આવીશ. પછી શાહુકારે પોતાની દીકરીને
કહ્યું કે તું તારા પતી શાથે શાશરે જઈશ? શીહેઅરીએ
કહ્યું કે મારો પતી જ્યાં જશે ત્યાં મને જવું પડશે કારણ મા-
રો ઈશ્વર એજ છે. પછી શાહુકારે અતી આનંદથી શી-

શ્વેશ્વરીને કેહેવા લાગોકે દીકરી વેહેલી આવજે મારી વૃદ્ધ અવસ્થા થઇછે. પછી શાહુકારે પોતાની દીકરીને ઘણો પૈશો દીધો તથા ઘરેણા પણ દીધા તથા ભેગા ચાકરો દીધાં. ત્યારે પરેમચંદે કહ્યુકે ચાકરોનુ શું ખપછે આપણ બેહુજણા જઇશું. શાહુકારે એઓને રવાના કરયા. એ બેહુજણા ચાલતે ચાલતે એક અરણ્યમાં આવી પોહોતા, એ અરણ્ય ઘણું ભયંકાર દેખાતું હતું રસ્તામા ખાડા બે બાજુ એ ઘણા બેહલ હતા. પછી પરેમચંદે વીચાર કરયો જે મારી સ્ત્રીને ખાડામા નાખો એને પાશેથી પઇશા લઇ મારા ગામમા જઇ મોજકરું મારી સાથે એ હશે તો મારેશી ક્યાંહા પણ નીકળાશે નહી, તથા એ પૈશાપણ મને ગળશે નહી પછી શીશ્વેશ્વરીને કહ્યુ કે આ અરણ્યમાં ચોર હશે માટે તારી પાશે જે કંઇ હોય તે તુ મને દે, તો હુ શંભાળી રાખું. ત્યારે તેણી એ તેના કેહેવા મુજબ શર્વે પૈઇશા પરેમચંદને શોંપ્યો પરેમચંદે શર્વે પઇશા લઇ પોતા પાશે રાખ્યો થોડું ચાલતા પછી પોતાની સ્ત્રીને ખાડામા નાખી દીધી અને પોતે ચાલતો થયો પોતાના શેહેરમાં આવી શર્વે પઇશા જુગારમા ખોયો. શીશ્વેશ્વરી ખાડામા પડી રદન કરવા લાગી. ને કહ્યું કે માહારા વહાલા ધણી તમારી શીવસે થશે તમારી જમવાની વખત થઇછે તમને જમાડશે કોણ એમ કહી કેહેછે.

साखी मराठी चाल उपरनी

प्राणनाथ तुं शुणजे अरजी हुं छउं तारी प्यारी
सर्व दोशने अळगा करजो लेजो शरण तमारी

એમ કહી અત્યંત રૂદન કરવા લાગીને કેહેછે હે ઈશ્વર જેને જેવો સમય આવેછે તેવો તે ભોગવી છુટેછે. પ્રભુ પ્રહ્‌લાદને તમે દુ:ખતી મુકાવ્યો શીતાજીને મુકાવી માટે પ્રભુ મને પણ મુકાવો ઈશ્વર મહારો પતી જ્યાં હોય ત્યાં તેને શુખી રાખજો મહારા પતીને હું ક્યારે મળીશ?? એમ કહી કેહેછે.

शंशकृतमां गोपी गीतछे ते रागनु

नमन ईश हुं तुजने करुं ॥
हृदय अंगमा स्वामी शमरुं ॥
जगत नाथते आपीयो पती ॥
शुंज थई हरी नाथनी गती ॥

जगत स्वामीजो आप नाथजी ॥
जीवत दान द्यो आप आजजी ॥

दरश आपीनें टाळजो भयो ॥
नवश हुं करुं दीनतो गयो ॥

साखी चाल मरेंठी.

समरण करुं हुं नीत्य तमारूं जेम मनुष्यनें अन्न ॥
दीन उगेने जीव तरफडे देखुं सर्व हु शुन्य ॥

तम वीन मुजनें कंई जगमे नही जुगजेयी घडी तो लागे ॥
नाथजी मारा दरशण द्योतो पातक सघळा भागे ॥

એમ કહી આંખમાંથી અશ્રુ પાડવા લાગી. વાટમાર્ગુ લોકો એ રસ્તેથી જતા હતા તેઓ એ શીદેવજીના શોકરૂપી શબ્દ શાંભળ્યા પછી પોતે શીદેવજીનો શોધ કરી તેને ખાડામાંથી કાઢી. વાટ માર્ગુ લોકોએ શીદેવજીને પુછ્યું કે તું કોણ છો? શીદેવજીએ કહ્યુંકે હું એક શાહુકારની કન્યા છઉં મારૂં નામ શીદેવજી છે. હું તથા મારો પતી

હું તથા મારો પતી એ રસ્તેથી જતા હતા ત્યારે અમને રસ્તા માં ચોરો મળ્યા. ચોરોએ મને ખાડાગાં નાંખ્યા મારા પતીને લેઇ ગયા; કારણકે શર્વ પઇસો મારા પતીપાસે હતો. એવી રીતે શીધેશ્વરીએ વાટમારગુ લોકોને કહયુ, પછી પોતે અતી રૂદન કરવા લાગી, વાટમારગુ લોકોએ શીધેશ્વરીના મનનો સમાધાન કરી પોતે ચાલતા થયા.

શીદેશ્વરી પોતાના બાપના શેહર તરફ ચાલી તે કેટલેક દીવશી પોતાનાબાપપાશે આવી પોહાતી. બાપે શીદ્ધશ્વરીને જોઇ ચીંતારૂથી શાગરનુ આશરો લીધો, કારણ શીદ્ધ-શ્વરીનો વીલાપ કોઇથી શહન થઇ શકા તો નહી. શી-દ્ધશ્વરી એ શર્વ હકીકત પોતાના બાપને કહી શં-ભળાવી, જે હકીકત વાટમાર્ગુ લોકોને કહી હતીતે. પછી એણીના બાપે માણશોને જમાઇના શોધ શાર મોકલી-આ, માણશો શોધ કરવા ગયા તે કેટલાક દીવશ પાછા આવ્યા, માણશોની શોધ નીષ્ફળ ગઇ. કેટલા એક દીવશે પ્રેમચંદ પણ આવ્યો, તેથી શહુ જણા આને આનંદ થયો પણ પરેમચંદ શીદ્ધશ્વરીને જોઇ દુઃખપા મવા લાગો કારણ પોતે શીદ્ધશ્વરીને ખાડામાં નાખી હતી તેથી તેણે વીચાર્યું જે શીદ્ધશ્વરી એ વાત જાહેર કરી હશે. શીદ્ધશ્વરીએ પોતાનાં પતીનુમુખ શોકમાં જોઇ પોતાના પતીપાશે જઇ કહયું કે તમે કોઇ વાતે ચીંતા કરશો નહી મેં મારા બાપને કહયું કે અમને ચોર મળ્યા પછી

મને ખાડામા નાખી પતીને લઇ ગયા, હવે તમેપણ એવી રીતે વાત કરજો. પરેમચંદ પોતાની સ્ત્રીની સચાઇ જોઇ પોતે પરમેશ્વર પાસે માફી માગી. શીદશરીને કહ્યુ કે હું દુષ્ટ ચાલથી તારી શાથે ચાલ્યો પણ તેં ઉજરો મારો બચાવ કરયો, માટે તારી પાશે અપરાધની માફી માંગુછું તે તું આપ. શીદેશ્વરીએ કહ્યું કે નાથએ વાતતમેશી બોલોછો, મારે મનેતો ઇશ્વર રૂપ તમેછો, મારા માબાપોએ તથા મારાગુરૂએ આ મારી દેહ તમચરણે અર્પણ કરી માટે આ દેહના માલેક તમેછો. પરેમચંદની બુદ્ધી શારી થઇ, પછી પોતે દીનપર દન સ્ત્રી વશ્યથતો ગયો. શાહુકારસ્ત્રી એ પ્રધાન પુત્રીને કહ્યુકે તું પણ શીદેશ્વરી જેવીથા, તો તારાપણ કલ્યાણથાએ. પછી પ્રધાનપુત્રી શાહુકારસ્ત્રીને પગેલાગી ઘેર જઇ પતી શાથે શારી ચાલથી ચાલી એટલે પતી કહે તેમ કરવા લાગી. કેટલા એક દીવશે પ્રધાનપુત્રીનો પતી પોતાની નઠારી ચાલ છોડી સ્ત્રીના કેહેવા મુજબ પગલું ભરવા માંડ્યું. સારાંષ સ્ત્રીજો પતીશાથે શારીચાલથી ચાલેતો તેણીનો પતીપણ શારી ચાલથી ચાલે, કદાચજ સ્ત્રીશારી ચાલથી ચાલે, પણ તેણીનો પતીશારી ચાલથી ન ચાલે તો સ્ત્રીએ ધીરજ રાખવી, જેમ શીદેશ્વરી એ રાખી તેમ. માટે બ્રાહ્મણ ધીરજ મોટી વાતછે. જો પ્રથમ તું ધીરજ રાખી ઇશ્વર અર્થે તપકર્યાં કરતેતો તું મોટો તપસ્વી થાતે, પણ તપકરતે કરતે તને અહંકાર થયો જે ગારૂં તપ પુરૂં થયું, ને વળી શમ/

રી પણ બળી મુખ તેથી તો તને અહંકાર ઘણો જ આવ્યો તે અહંકાર મારા કેહેવાથી જતો રહ્યો હશે; માટે કોઇએ અહંકાર આણવો નહી. જુવો રાવણે અહંકાર આણ્યો જે મુજ સમાન બળીઓ બીજો કોઇ રાજા નથી, તેથી રામચંદ્રે વાનરો ને સાથે લઇ સમુદ્રમાં પથ્થર તારી પાજ બાંધીને રાવણને મારયો પછી બીભીષણને રાજ દીધુ માટે અહંકાર કોઇનુ ઇશ્વર રાખતો નથી.

अहंकार उपर पद.

बच्या मतकरना अभीमान,
कोईदीन नीकल जायेगी जान ॥ छ

रावणकीतो संपती देखो ऐंशी हजार रंडी,
रामचंद्रका बानलगा जब घुसडगई दश मुंडी ॥ छ ॥

दुर्योधनका बळकया देखो बाराहजार हत्ती,
भीमशेनकी लगी गदा जब तनकी होगई मटी ॥ छ ॥

सातबाल कंसनें मारे मस्तान हुआ मथुरामों,
संपडगया जब हाथ कीशनके मीलाराज धुलनमों॥छ।

कहत मछंदर सुनवे गोरख वार वार नहीं आवे॥
शरणनही साधुके, वोनर फीरफीर गोथाखावे ॥ छ ॥
એવીરીતે લક્ષ્મી એ બ્રાહ્મણને કહી બ્રાહ્મણના મનનો સમાધાન કરયો.

પછી લક્ષુમી એં બ્રાહ્માણને કહ્યુકે હે બ્રાહ્મણ હવે તને મોક્ષનુ મારગ કહું તે શાંભળ. જે મારગ શ્રીકૃષ્ણે ઓધવજી ને કહયો હતોતે. શ્રીકૃષ્ણકેહેછે.

चोपाइ हींदुस्थानी भाषामा भागवत एकादश स्कंधमांथी.

उद्धव गोप्यमतो सुनमेरी, पावे मोहि मीटे भव फेरी; आप मिलनको मार्ग दिखाउं, और सकल कुमार्ग मीटाउं. जोग कहीये जो अष्टप्रकारा, सांख्य प्रवृती पुरुष विचारा; बहु वि- वर्णाश्रमके धर्मा, सकलत्यागी होवेनी:कर्मा. वेदादीक विद्या बहुपाठा, जहां लगीहै तप अती काठा; होमयज्ञ सर वापी कुपा, ईच्छा दान समय अनुरुपा. एकादशीआदीव्रत हे जेते, गुप्त मंत्रमेरेहै केते; ममप्रतीमा पूजा आचरणा, तिरथा टन नियम यमकरना. औरो समदम आदीक जेते, साधन सकल मुक्तके तेते; इनसबनिते मोहि नपावे, साधुवचनतें जलदीपावें. उनतें मनको संगत छुटें, मम चरण नमे चीत्त नहींचहुंटें; तातें मोहिनपावें उनतें, पावेंवचन साधुके सुन तें. साधु ऐसे बचन सुनावें, शत्रु मीत्र सुखदु:

ख जनावे;सार असार कालनी:काला, साधु दिखावे सबत-
तकाला. सबतें मनको संग मीटावे, मेरे चरण कमल
लपटावे; ऐसी वीधी भव सागर तारें, मेरे जन ततकालउ
धारें. जेते तरें तरेंगे जेते,अरु अबहुंतर नेके केते;ते सब साधु
संगतें जानो, दुजो और उपाए नमानो. खगमृग जातुधा-
न असुरादीक, चारण सीद्ध नाग गुह्यादीक; अपसर विद्या-
धर गंधर्व, जीत जीनपायो तेतेसर्व. वैश्य शुद्र अंतज अरु-
नारी, बहुराजस तामस अधीकारी; जुगजुगजे संतसंगती
आयो,तीनही तीनमेरे पद पायो. वृत्रासुर वृषपर्वा बाना, बळी
प्रल्हाद वीभीषण जाना, मय सुग्रीव वृक्ष हनुमंता, गज
अरु गीध व्याध अवधंता. तुलाधार कुबजा व्रजगोपी, धर्म
नकी सीमाजीन लोपी; जजवंत वीप्रनी बनीता, पुरुष
नकीकीनी अवमनीता. और अनेक कहालो कहीये,
कहत कहत कहुं अंतनलहीये; तीन कछु वीद्या वेद न
जाने, सांख्य अरु जोगनही पहीचाने. जपतप यज्ञ व्रता
दीन कीने, और धर्म कोईनही चीने; परीसो साधु संग-
ते तीनपाया, ते सब मेरे चरणनी आया. अरु उद्धव

तुं योंमती जानो, तीनकी संगती मेरी मानो उद्धव; संत
अरु मेंद्रे नाही, मेहो संतनके उर माही, कीनहु भ.ली
धारीके तनको, मीळकर सोधो तीनके मनको; ऐसी
वीधी अनेक कोतारों, एकनी साधु रुप उद्धारों. साधु नीन्हे
मनके मल्हरीहो, सोमन अपने चर्ण म धरीहो; ऐसीवीधी
अनेकनी उद्धारों, जहां तारुं तहां मेही तारुं. साधु संग-
सो मेरो संगा, साधु सकल हे मेरो अंगा; ताते दोऊ साध
संग जानो, केतो दोउ मेरो तनमानो. गोपी गाई वृक्षन
बनागा, औरो मुढ बुद्धी बड भागा; मम संत संगप्रेमतीन
बांध्यो, भाव भक्ती मोको आराध्यो. और कहु साधन नही
जान्यो, अरु नही ब्रह्म रुप करी मान्यो; परी तीन कोही
समोसो भयो, ताते सबमन कोमल गयो. श्रमहीं विनाति
न मोको पायो, अति अपार भवदुःख मीटायो; जाको
जोग सांख्य व्रतदाना, जज्ञ वेद वीद्या विधी नाना. करी
सयांस बहुत दुःख गहें, तेउ मोको कदेन लहियें; ताकी
तिन सुखहीमें पायौ, जे केवल मन मोसों लायों. राम सहीत
मोही पायी जबहीं, चले अक्रुर मधु पुरी तबही; तबते गे-

पी मेरे हेत, पाइ मुरछा भयी अचेत. बहुरी समझ महा दु:ख पावें, निसवासर मम चरण नीध्यावें; मोही छोडी सब दु:ख मय लेखे, करता हरता मोको देखे. जे निसी मो संग पलसी बीते, तेइ तीनको कल्प व्यतीते; मेरे गुणनी सुने अरु गावे, लीला रूप न्हदैयमे ध्यावे. कबहुं वीरह महा दु:ख रोवे, कबहुं तपत दशोदीश जोवें; कबहुं प्रान तनकी भावें, मम दरशन आशा तें राखें. निंद भुपत्र सकल गवांइ, और देह गुण रह्योन काई; तिनके दु:ख तेइज जाने, केमें तीजो कहा बखाने; विरह प्रचंड अनल अधिकारा, सकल विकार भए जरी छारा; प्रेम प्रवाह सकल मल छारे, बीमों बीचके अंतर टारे. तब यह उपजी परम अनूपा, भली आपभली मम रूपा; जो जोगेश्वर ब्रम्हही ध्यावे, न्हैंकरी ब्रम्ह आपु विसरावें; अरुज्यों सरीता सींधु समावें, नाम रूप गुण भेद गमावे; त्यों वे भइरूप सबमे रो, द्वैतभाव कहुं रह्योन नेरो. पाप जोनी अब लाते सारी, श्रुती कीमर्यादा टारी; नीजपती छोड कीयो व्यभीचारा, अरुतीन मोको जाम्यो जारा. ब्रम्ह

भाव कच्छु ए नही जान्यो, तीन परपुरुषमोही नीच मान्यो; परीतो हुं भवसींधु मिटायो, शतनो सहस्त्रणो मम पद पायो. तातें उद्धव सुन बड भागा, लोक वेद ताको कर त्यागा; जोहै सुन्यो सुननको जोई प्रवृत्ती नीवृत्ती जो कच्छु होई. सबतजी एक शरण मम आवो, द्वैतभाव मनतें निसरावो; जहां तहां मम रुपही देखो, आपा पार कच्छुना लेखो. ऐसें व्हैकरी मोको पैहो, तातें जगत जन्मना ऐहो; यों हरी जब बानी विस्तारी, तब उद्धव आसंका करी. उद्धवजी केहेछे. चोपाइ. प्रभु तुम त्याग वेदको कह्यो, सो मेरे मन संशय रह्यो; तुमरी आज्ञा वेद कहावें, ताही छोडीकेसें सुखपावें. तुमही श्रुतीमें कारणे भांखे, तुमइहां दुरी करी नांखे; तातें मन भरमतहैं मेरो, स्थीर किजें आपने जनकेरो. कियो एसत्य कियो एदेवा, याको मोही बतावो भेवा; तब गोपालवचन उच्चारे, ज्योंरवी उदय मध्य अंधी यारे. श्रीकृष्ण केहेछे. चोपाई— उद्धव अब सुन परम गीयाना, जातें भ्रमछूटे तवनामा; प्रथमही आपभी[illegible]

एका. औरकछुनहीं हुतो अनेका. बहुरी कीयो माया विस्तारा, रच्यो देहबहु अंग प्रकारा; तामें आपु प्रवेशा कीयो. प्राण अरुशब्द संग करी लीयो. सोतां शब्द चक्र आधारा, परानाम कीनो आगारा; मणिपुर कश्य पती नामा. चक्राविशुद्ध मध्यमा धामा. बाहीर प्रगटी वैखरी बानी, जेहही लोक अरु वेद बखानी; स्वरलघु अक्षर मातर जेते, नाना भांतीवीस्तरें तेतें. लोक मांही थोरे वीस्तारे, वेदमांही तिष्ठतहैंसारे; परीतीनको बहुवीधी विस्तारा, जाको कोहीलहे नहीं पारा. जैसें अनल काष्ट मथी काढ्यो, इंधन संग पवन अति बाढ्यो; यौंमम बानीको विस्तारा. जातें प्रगट्यो सकल पसारा. यहविस्तार शब्दको सारे, जामें चेतन रूप हमारो; इंद्रीयउपजी दश प्रकारा, सुत्र-चीत्त मन बुधी अहंकारा. सतरज तम मायागूण जाणो, सब विस्तार तीहुंको मानो. जोअद्वैत अेक नीरधारा, तीनकीनो माया विस्तारा. तिनमें बहुत भांती आभास्यो, उत्तम मध्यम निच प्रकास्यो; वीधी नीषेध तातें करीलीये, सुख दुःख द्वैतनके फल भये. यहसंसार एकतें ऐसे,

एकश्रीनतें बहुबन जैसें; तातें यहसब एक आधारा, परी एक हीको सकल पसारा. जैसें वस्त्रतंतु मय होई, ओत पोत दुजा नहीं कोई; एसो हैयह भवतरु एक, द्वफल अरु साख अनेक. यहसब ममचेतन आधारा, परीतोहु चेतनतें न्यारा; सोचेतनहे मेरोअंसा, यामे भुलन आनो संसा. यहसंसार वृक्षहै जेसो, मेभांखतहो सुनोयो तैसो; पापअरु पुन्य बीजदै याके, मुल अपार वासना ताके. यादेहीके त्रीयगुण त्रयशाखा, तीनतें पंच भूतपर साखा; उपसाखा मन अरु इंद्रीय दशा, शब्दा दीक सर्वे पंचो रसा. कफ अरु वात पीत्त त्रय बल कला, सुखअरु दुःख प्रगट द्वै फला; तामें द्वैपंखीको वासा, परमातम अरु आतम पासा. जेमुरख यह भेदन जाने, तबहुं बहुत भांती वेद वीधी थाने; तिनतें होवें बहुत वीधी वंधा, जुगजुग दुःख पावत है अंधा. जोयह देह वृक्ष करी जाने, आपुही पंखी न्यारो माने; वेदस्मृती सब माया देखे, सकल अतीत आपुको लेखे. तबयह विधीनी-श्रेध छटीकावे, सुखअरु दुःखके नीकटन आवें; सकले

मांही आपुको जाने, भेद देह कृत माया माने. चेतन शक्ती ब्रह्मकरी देखे, और सकल माया करी लेखे; परी यह भेद सकल तब पावे, जब सब गुरुकी शरने आवे. मांही मिलनको योंही उपाई, गुरुसेवा बिन और नकांही; तातें गुरुकी सरने आवें, तन मन धनसों हेत लगावें. तबसों ब्रह्ममांही समावें, बहुर्यो जगत जन्म नहीं आवे; तातें साधन सब तुम त्यागो निसी दिन करो ब्रह्म अनुरागो.

एवीरीतें लक्ष्मी बोली चुपरही ; ब्राह्मण चालतो थयो. पछी ब्राह्मणे सर्वनु त्यागकरी एक इश्वरनु ध्यान करयुं तेथी ते ब्राह्मण इश्वर पदने पोंहोच्यो लक्ष्मी पतीनि सेवामा हाजर रही.

संपुरण.

જાહેરખબર.

આએ ચોપડી બાહેર કોટમાં માંડવી બંદર ઉપર કાજી સઈએદ સ્ટ્રીટમાંનાં ૭૭ વાળા ઘરમાં બાનેજ મળે આએ ચોપડીનામા લેકપાશેથી અથવા બોજા ગહલી શામજી કાશાજી સ્ટ્રીટમાં મુળજી ધનજીના ઘરમાં જેરામ દેવજી પાશેથી મળશે. જે સાહેબોને ચોપડી ખરીદવી હોએ તે ઓએ રોકડ નાનુ મોકલી ચોપડી મંગાવી લેવી.

શામજી શીવજી.